ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૪ ટકા

# સિવિલ કેમ્પસ વાહન ચોરી માટે હોટસ્પોટ



ગાંધીનગર, તા.૧૧

શહેરમાં વાહનચોરી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. જુની કેન્ટીન પાસે સિવિલના કર્મચારીનું પાર્ક કરેલ એકટીવા કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા સ્થિત મૈત્રી એવન્યું મ.નં.૨૪ ખાતે શ્રેયાબેન કમલેશકુમાર પટેલ (ઉં.૨૩) પોતાના પરિવાર સાથે રહે છે. શ્રેયાબેન છેલ્લા બે વર્ષથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવે છે. નોકરી આવન-જાવન માટે તેઓ એકટીવા નં. જી.જે.૧૮.સી.એફ.-૩૪૮૪ નો ઉપયોગ કરતા હતા. હાલના સમયે શ્રેયાબેનની નોકરી મ્યુકર માઈકોસિસ વોર્ડમાં છે. ગતરોજ તેઓ બપોરના ૨ વાગે સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર એકટીવા લઈને આવ્યા હતા. તે સમયે ફરીયાદીએ એકટીવા જુની કેન્ટીન પાસે ઈ-૨ બ્લોકની પાસે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ નોકરી પુરી કરીને રાત્રીના ૮ વાગે પરત ફર્યા ત્યારે પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. શ્રેયાબેન એકટીવા ગુમ થયાની જાણ તેમના પિતાને કરતા તેઓ પણ સિવિલ આવી પહોંચ્યા હતા. સિવિલ કેમ્પસની આસપાસના સ્થળો પર શોધખોળ આદરી હતી પરંતુ એકટીવા મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે જાણ કરતા પોલીસે રૂ.૧૨ હજાર એકટીવાની કિંમત ગણી ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



'જયાં ટુકડો ત્યાં હરિ ઢૂંકડો' આ ઉકિત વિરપુરના સંત શ્રી જલારામ બાપાનું જીવન સુત્ર હતી. ગાંધીનગરમાં પૂ. જલારામ બાપાએ દર્શાવેલા સેવાના સન્માર્ગને અનુસરતા શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા શહેરના સેકટર-૩૦ ખાતેના મુકિતધામ સ્મશાનના કર્મચારીઓના બાળકોને પ્રસાદીરૂપે મનભાવન નાસ્તો કરાવવામાં આવ્યો હતો.

# સ્પર્ધાત્મક પરીક્ષાઓના પગલે શહેરમાં સર્જાયો પરીક્ષાનો માહોલ

ગાંધીનગર, તા.૧૧

ઘણા લાંબા સમયથી બંધ રહેલી વિવિધ ભરતીની પરીક્ષાઓ જાહેર થતાં રોજગારવાંચ્છુ યુવાનો તૈયારીમાં લાગી ગયા છે. કોચિંગ કલાસને શરૂ કરવાની પરવાનગી હજુ નથી પરંતુ છાને ખુણે ખાનગીમાં પરીક્ષાની તૈયારી કરાવતા કલાસીસ ચાલુ થઈ ગયા છે.

માર્ચ-એપ્રિલ મહિનામાં કોરોનાના કેસોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. હજારોની સંખ્યામાં કેસો આવતા રાજય સરકારે અનેક પ્રતિબંધો જાહેર કર્યા હતા. જીપીએસસી અને અન્ય ભરતી બોર્ડસ દ્વારા જાહેર કરાયેલ પરીક્ષાઓ પણ આ જ કારણોસર મુલ્તવી રાખવામાં આવી હતી. છેલ્લા ઘણા મહિનાઓથી ભરતી પરીક્ષાઓ બંધ હોવાથી રોજગારવાંચ્છુ યુવાનોમાં નિરાશા છવાઈ હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસો ઓછા થતાં રાજય સરકારે ઘણી છૂટછાટ આપી છે. છૂટછાટ મળતાં જ અટકી પડેલી ભરતી પરીક્ષાઓની નવી તારીખો જાહેર થઈ ગઈ છે. જીપીએસસી દ્વારા લેવાતી વર્ગ-૧ અને વર્ગ-૨ની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર થઈ ચુકી છે. આ ઉપરાંત પોલીસમાં પણ ઘણી ભરતીઓ બાકી છે. જેની પ્રાથમિક અને મુખ્ય કસોટીની પરીક્ષાઓ જાહેર થતાં યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. આરોગ્ય ક્ષેત્રે આ વર્ષે ઘણી ભરતીઓ થવાની છે. મેડીકલ કોલેજોમાં પ્રાધ્યાપકોની ભરતી મોટા પાયે થવાની છે જેની પરીક્ષાઓ પણ જાહેર થઈ ચુકી છે.

વિવિધ પરીક્ષાઓ જાહેર થતાં યુવાનો તૈયારીમાં લાગી ગયા છે. યુવાનોમાં નવા ઉત્સાહનો સંચાર થયો છે. હાલમાં કોચિંગ કલાસ શરૂ કરવાની પરવાનગી નથી પરંતુ ખાનગીમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેના કોચિંગ કલાસ શરૂ થયા છે. આંશિક લોકડાઉનમાં ઘણા યુવાનો પોતાના વતન ચલ્યા ગયા હતા. હવે જયારે પરીક્ષાની નવી તારીખો જાહેર થતાં યુવાનો પુનઃ ગાંધીનગર આવી પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે.

# રાયસણમાં સ્પર્શ સોસાયટીના ગાર્ડ સાથે બે શખ્સોએ ઝપાઝપી કરી

ગાંધીનગર, તા.૧૧

ગામમાં ઉકરડાની જુની અદાવતમાં રાયસણમાં સ્પર્શ સોસાયટી ખાતે ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડને બે શખ્સોએ ઝપાઝપી અને ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોટીસી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયસણ ગુડા આવાસ પ્લોટ નં.૩૫૨ જે.૦૦૧ ખાતે વિનુભાઈ ભગવાનભાઈ દેસાઈ (ઉં.૫૧, મુળ રહે.મોયદ ગામ તા.પ્રાંતિજ) સિક્યુરીટી તરીકે ફરજ બજાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. હાલ તેઓ સિક્યુરીટી ગાર્ડ તરીકે રાયસણ સ્પર્શ સોસાયટીના નાકા પર ગત તા.૬ જુનના રોજ સાંજના સમયે ફરજ પર હાજર હતા તે સમયે ઈકો ગાડી સોસાયટીના ગેટ પાસે આવીને ઉભી હતી. સિકયુરીટી તરીકે નોકરી કરતા હોવાથી વિનુભાઈ ઈકો ગાડી પાસે ગયા હતા. ગાડીમાં જોયુ તો ડ્રાઈવર સીટ પર અને બાજુની સીટ પર મોયદ ગામના વતની જીતુસિંહ હિંમતસિંહ રાઠોડ અને દલપતસિંહ લાલસિંહ રાઠોડ હતા. તેઓ કહેવા લાગ્યા કે તું અહીંયા કેમ નોકરી કરે છે અને ગામ મુકીને આટલી દુર કેમ આવી ગયો? તેમ કહ્યું હતું. જયારે એક વર્ષ પહેલા તે મારા મોટા ભાઈ મહેન્દ્રસિંહ લાલસિંહ રાઠોડને ગામમાં ઉકરડા બાબતે બોલાચાલી થઈ હતી. જેથી તે મારા મોટાભાઈને માર માર્યો હતો તેવો આક્ષેપ કરીને સિકયુરીટી ગાર્ડ સાથે ઝપાઝપી કરી ગાળાગાળી બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને અમારા સામે પ્રાંતિજ પોલીસ મથકે ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ વિનુભાઈ પરિવાર સાથે રાયસણ ગુડાના આવાસમાં રહેવા માટે આવ્યા છે ત્યારે ઉકરડા અંગેની અદાવત રાખી બે ભાઈઓએ સ્પર્શ પેલેસ ખાતે આવી અમારી સાથે જોરજોરથી બિભસ્ત ગાળાગાળી કરીને ઝપાઝપી કરવા લાગ્યા હતા. સોસાયટીના ગેટ પાસે બુમાબુમ અને હોહા થતા સ્થાનિક નાગરીકો આવી જતા ઈકો ગાડીવાળા નાસી છુટ્યા હતા. પરંતુ જતા જતા મારી નાંખવાની ધમકી આપીને ઈકો કાર નં.જી.જે.૦૯.બી.એફ.-૭૪૧૬ લઈને જતા રહ્યા હતા. જીતુસિંહ અને દલપતસિંહ દ્વારા મારી નાંખવાની ધમકી મળતા વિનુભાઈ દેસાઈએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બે શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૧

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશનના હોદેદારોની બઢતી અને નિવૃતિના કારણે ખાલી પડેલી જગ્યા પર તા.૮ જુનના રોજ મળેલી બેઠકમાં હાલમાં કોરોનાની સ્થિતિને ધ્યાને રાખીને ચુંટણીનું આયોજન મુલતવી રાખીને સર્વાનુમતે હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે મહેશસિંહ વાઘેલા (માર્ગ અને મકાન વિભાગ), મહામંત્રી તરીકે ડો.ધર્મેશ નકુમ (વન અને પર્યાવરણ વિભાગ), ઉપપ્રમુખ તરીકે કેતન મેશ્રી (નાણા વિભાગ), અને પાર્થ ડોડીયા (મહેસુલ વિભાગ), સહમંત્રી તરીકે સંકેત દવે (સામાન્ય વહીવટ વિભાગ), તેમજ જિજ્ઞેશ ચૌધરી (ગૃહ વિભાગ), સંગઠન મંત્રી તરીકે જયેશ ચૌધરી (પંચાયત.ગ્રા.ગૃ.અને ગ્રા.વિ.વિ.), ખજાનચી તરીકે ભાગ્યેશ પટેલ (કલાઈમેટ ચેન્જ વિભાગ), રમતગમત મંત્રી તરીકે પરવેઝ શેખ (શિક્ષણ વિભાગ), જનસંપર્ક મંત્રી તરીકે રૂચીર અમીન (આદિજાતી વિકાસ વિભાગ), મહિલા પ્રતિનિધી તરીકે સુ.શ્રી.ઈશિતા શાહ (નાણા વિભાગ)નો સમાવેશ થાય છે તેમ પ્રમુખ મહેશસિંહ વાઘેલાએ અખબારીયાદીમાં જણાવ્યું છે.

## જન્મદિને વધામણી



દક્ષાબેન જે શ્રીમાળી
મો. ૯૩૨૭૯ ૯૩૯૦૮



આશિષકુમાર જે બરંડા



માનવ વિપુલકુમાર રાઠોડ



જ્યોતિબેન ઠક્કર
લાયોનેસ કલબ



ધ્રુવી રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬



પાર્શ્વ ડી. દરજી



પુષ્પાબેન વસંતલાલ ઠક્કર

# ગાંધીનગરના જૈન સોશિયલ ગૃપ દ્વારા ૪૦મો સ્થાપના દિન ઉજવાયો

## શહેરમાં વિવિધ સ્થળે વૃક્ષારોપણ તેમજ જરૂરિયાતમંદ પરિવારોને લાડુ-સેવનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના જૈન શ્રેષ્ઠી સ્વ. સ્વ. સૂર્યકાંતભાઈ મહેતા દ્વારા સ્થાપવામાં આવેલ જૈન સોશિયલ ગૃપ આજ વટવૃક્ષ બનીને વિસ્તરી ચુક્યું છે. ગાંધીનગરના જૈન સોશિયલ ગૃપના ૪૦મા સ્થાપના દિન નિમિતે જુદા જુદા ત્રણ સ્થળોએ વૃક્ષારોપણ કાર્યક્રમ અને વિવિધ સ્થળોએ જરૂરિયાતમંદ પરિવારોને લાડુ - સેવનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જૈન સોશિયલ ગૃપની સ્થાપના જૈન સમાજમાં એકતા વધે, સામાજિક સેવાકીય અને પર્યાવરણ સબંધિત પ્રવૃતિઓ ઉપરાંત સર્જનાત્મક પ્રવૃતિઓને વેગ મળે તેવા શુભ આશયથી કરવામાં આવી છે. આ સંસ્થાની વર્ષગાંઠના પ્રસંગે ગૃપના પૂર્વ પ્રમુખ અને જેએસજીઆઈએફ - ગુજરાત રીજીયનના નવનિયુક્ત વાઈસ ચેરમેન અરવિંદભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતા.

આ ઉપરાંત શ્રી દિગંબર જૈન સમાજના પ્રમુખ નીતિનભાઈ શાહ, નવકાર યુવક મંડળના પ્રમુખ ધવલભાઈ શાહ તેમજ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ સી.એમ. શાહ અને ઉપપ્રમુખ વિનોદભાઈ શાહ અને શ્રી પ્રતાપ સિંહજી હિંદી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ અને સમાજના અગ્રણીઓ હાજર રહી જૈન સોશિયલ ગ્રૂપ ગાંધીનગરના સ્થાપક પ્રમુખ સ્વ. સૂર્યકાંતભાઈ મહેતાને યાદ કરી તેઓના આદર્શો અને સિદ્ધાંતો મુજબ ગ્રૂપ દ્વારા





સામાજિક પ્રવૃતિઓ માં જે અગ્રેસર ભાગ ભજવી જે હરણફાળ ભરી છે તેને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે ગૃપના પ્રમુખ કૌશિકભાઈ શાહ , સંગિની કોઓર્ડિનેટર નિતિકાબેન શાહ અને પૂર્વ પ્રમુખ પારસભાઈ સંઘવી પણ હાજર રહ્યાં હતા. આ પ્રસંગને ઉપપ્રમુખ ભરતભાઈ કોટડીયા અને હિતેન્દ્રભાઈ શાહ, મંત્રી જાગૃતિબેન લાખાણી, સહમંત્રી વીણાબેન વોરા અને રીતેશ શાહ, ખજાનચી નીતિનભાઈ સંઘવી, સહ ખજાનચી નીલેશભાઈ શાહ તેમજ કારોબારી સભ્યો સર્વ હિતેશભાઈ શાહ, રીતીનભાઈ મોદી, પ્રશાંતભાઈ મહેતા, ઋષભભાઈ દોશી , નીરજભાઈ દોશી, મનીષાબેન તુષારભાઈ શાહ અને અન્ય દંપતી સભ્યોએ જહેમત ઉઠાવી પ્રસંગને સફળ બનાવ્યો હતો. સર્વે દંપતી સભ્યો સરકારની ગાઈડ લાઈન મુજબ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે ગૃપ દ્વારા અંદાજે ૧૨૫ જેટલા નવા છોડનું રોપણ અને જરૂરિયાતમંદોને અંદાજે ૨૫૦ જેટલા લાડુ - સેવના પેકેટ્સનું વિતરણ કરી ગ્રૂપના દંપતી સભ્યો દ્વારા ઉત્સાહભેર ગૃપના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન વીણાબેન વોરા અને આભારવિધિ જાગૃતિબેન લાખાણી દ્વારા કરવામાં આવી હતી.

# ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા પોશીના ખાતે રાશન સામગ્રીની કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૧૧

ભારત વિકાસ પરિષદ અનેક સેવા અને સંસ્કારલક્ષી કાર્યક્રમોનું આયોજન કરતી સેવાભાવી સંસ્થા છે. તા ૬-૬-૨૦૨૧ ના રોજ ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર શાખા દ્વારા સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાની વિધવા બહેનોને અને જરૂરિયાતમંદ લોકોને રાશન સામગ્રીની ૧૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે મર્યાદાપુરુષોત્તમ ભગવાન રામચંદ્રની પ્રતિકૃતિનુ વિતરણ કરીને સૌને સવાર સાંજ ભગવાન રામ ભાગવાની પૂજા કરવાની સમજણ અપાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગર શાખાના પ્રમુખ પ્રો.નરેન્દ્રભાઈ પટેલ, મંત્રી પ્રો.પરેશભાઈ શાહ, પૂર્વપ્રમુખ મુકેશભાઈ રાવલ, ઉપપ્રમુખ ભરતભાઈ સોમાણી, ઉપપ્રમુખ દિપકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં શાખાના વિભાગીય મંત્રી નિકેશભાઈ સંખેસરા, પોશીના શાખાના પ્રમુખ રૂમાલભાઈ, મંત્રી રોબિનભાઈ સોની, મહિલા સંયોજક સોનલબેન સોલંકી તથા તાલુકા કાર્યવાહક આર.એસ.એસ વેલજીભાઈ ખેર, વનવાસી કલ્યાણ પરિષદ અધ્યક્ષ ઈશ્વરભાઈ સોલંકી, ખેડબ્રહ્મા ભારત વિકાસ પરિષદના પ્રમુખ પ્રો. રોહિતભાઈ દેસાઈ પણ હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પ્રજાપતિ આશાબેન મહેશકુમાર,** ઉ.વ. ૫૬, સેકટર-૨૮
- **સ્વ. નાયક શરદચંદ્ર બાલકિશન,** ઉ.વ. ૭૦, વડનગર, જી. મહેસાણા
- **સ્વ. ઠાકોર વજાજી ધૂળાજી,** ઉ.વ. ૫૦, શિહોલી મોટી
- **સ્વ. બારોટ રેવતીબેન મુળજીભાઈ,** ઉ.વ. ૮૬, સેકટર-૩
- **સ્વ. ઠાકોર ઈશ્વરભાઈ અર્જુનભાઈ,** ઉ.વ. ૫૮, શિહોલી મોટી

# ગેસ પાઈપલાઈન કનેક્શન માટે ચાર માસથી રઝળતા ગ્રાહકો

## સે-૫માં ગુજરાત ગેસની કચેરીએ ગ્રાહકોને ધરમધક્કા : નાણાં ભરાઈ ગયા હોવા છતાં કનેકશન ન મળતા પરેશાનીનો ભોગ બની રહેલા ગ્રાહકોને સંતોષકારક જવાબ પણ મળતો નથી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં નવું રાંધણ ગેસ પાઈપલાઈનનું કનેક્શન મેળવવા માટે ગ્રાહકોને ત્રણ-ચાર મહિના પહેલા બુકિંગ કરાવ્યું હોય અને તેના નાણાં ભરી દીધા હોવા છતાં તેમને કનેક્શન માટે રઝળવું પડી રહ્યું છે અને આવા ગ્રાહકો કનેકશન માટે સેકટર-૫ ખાતે આવેલી ગુજરાત ગેસ કંપનીની ઓફિસે ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ તેમને કોરોનાનું બહાનું ધરીને સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. આજે સવારે પણ અનેક ગ્રાહકો પોતાની અરજીનું શું થયું અને ક્યારે ગેસ પાઈપલાઈનનું કનેકશન મળશે તેની માહિતી મેળવવા પહોંચ્યા હતા પરંતુ તેમને નિરાશા સાંપડી હતી.

સામાન્ય રીતે ગેસ પાઈપલાઈનના કનેકશન માટે અરજી કરનારને મોડામાં મોડું ૯૦





દિવસમાં ગેસ પાઈપલાઈનનું કનેકશન આપી દેવાનું હોય છે પરંતુ ગાંધીનગરમાં ગુજરાત ગેસ કંપની જે અગાઉ જીએસપીસી તરીકે ઓળખાતી હતી તેમાં ગેસ પાઈપલાઈન કનેક્શન માટે ત્રણથી ચાર મહિના અગાઉ અરજી કરીને તેના નાણાં ભરી દીધા હોવા છતાં તેમજ તમામ ડોક્યુમેન્ટ સહિત સંપૂર્ણ અરજી યોગ્ય હોવા છતાં હજુ સુધી ગેસ પાઈપલાઈનનું કનેક્શન આપવા માટે કંપની તરફથી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી, એટલું જ નહીં પરંતુ આ અંગે જ્યારે ગ્રાહકો કંપનીની ઑફિસે પોતાની અરજીનું સ્ટેટસ જાણવા માટે જાય છે ત્યારે તેમને સંતોષકારક જવાબ પ્રાપ્ત થતો નથી. ઘણીવાર તો ઑફિસના કર્મચારીઓ દ્વારા ઉડાઉ જવાબ આપી દેવામાં આવે છે તેમજ ગ્રાહકોને ઓફિસમાંથી બહાર નીકળી જવાનું પણ કહી દેવામાં આવે છે. મોટાભાગના ગ્રાહકોને કોરોનાનું બહાનું આગળ ધરીને તેમને પાઈપલાઈન કનેકશન ક્યારે મળશે તે અંગે સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી જેના કારણે ગ્રાહકોને વારંવાર ધરમધક્કા સાથે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. કેટલાંક કિસ્સામાં તો ગ્રાહકોના ઘર સુધી કે નજીકમાંથી જ પાઈપલાઈન પસાર થતી હોય જેમને કનેકશન આપવાનું કામ માત્ર દસ થી પંદર મિનિટ જેટલું જ હોવા છતાં ટેક્નિશિયન ટીમ ત્યાં સુધી પહોંચતી નથી. પ્રાપ્ત માહિતી અનુસાર ગત નવેમ્બર માસમાં જે ગ્રાહકોએ ગેસ પાઈપલાઈન કનેક્શન માટે અરજી કરી હતી તેમને પાઈપલાઈન કનેકશન અપાયા છે પરંતુ તે પછીના ગ્રાહકો ક્યારે કનેકશન મળશે તે બાબતે મીટ માંડીને બેઠા છે. કંપનીના અધિકારીઓ દ્વારા ખોરો ના કાળમાં વચ્ચે બે મહિના કામ બંધ રહ્યું હોવાથી વેઈટિંગ લિસ્ટ લાંબું હોવાનું સ્વીકારવામાં આવી રહ્યું છે જેના કારણે ઘર બદલનાર ખાસ કરીને ભાડુઆત વર્ગના ગ્રાહકોને વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.